GJSK060005482022

## <u>રેગ્યુ. દિ.મુ.નં. ૧૦/૨૦૨૨ના કામે આંક –૧ લગત હુકમ</u>

આ કામે કેસ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં સદર દાવો હાલમાં વાદીઓને અત્રેની કોર્ટમાં હાજર રહેવાના સ્ટેજ ઉપર ચાલી રહેલ છે. વાદીઓ કે વાદીઓના વિ.વ.શ્રી અગાઉ અત્રેની કોર્ટમાં હાજર રહેતા ન હોઈ, તેઓને હાજર રહેવા અત્રેની કોર્ટ દ્વારા નોટીસ કાઢવામાં આવેલ, જે નોટીસ બજી જતાં, વાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલા. ત્યાર બાદ ફરી વખત વાદીને મુદૃત તારીખની જાણ હોવા છતાં હાજર રહેલ નહીં, જેથી અત્રેની કોર્ટ દ્વારા ફરી વખત વાદીને મુદૃતે હાજર રહેવા અંગેની નોટીસ કાઢવામાં આવેલ. જે નોટીસ પણ વાદીઓને ધોરણસર બજી ગયેલ હોવા છતાં વાદીઓ કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા ન હોઈ, વાદીઓને હાજર રહેવા અંગે વધુ એક મુદૃત અત્રેની કોર્ટ દ્વારા આપવામાં આવેલ. આમ છતાં અગાઉની મુદૃતે વાદીઓને નોટીસ ધોરણસર બજી પરત ફરેલ છે, જે નોટીસ હાલના કામે આંક–૧૧ થી રજુ છે. આમ છતાં આજ રોજ વાદીઓને હાજર રહેવાના સ્ટેજપર રાખેલ હોઈ, વાદીઓ કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા નથી. આજ રોજ એક કરતા વધુ વખત પોકાર કરાવવા છતાં વાદીઓ કે વાદીઓ તર્ફે વિ.વ.શ્રી હાજર રહેલા નથી કે વાદીઓ તર્ફે અન્ય કોઈ રિપોર્ટ કે રજુઆત નથી. આ કામના પ્રતિવાદી નં.૧ તથા જનાઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહે છે, પરંતુ વાદીઓ હાજર રહેતા ન હોવાના કારણે હાલના દાવાની કાર્યવાહી આગળ ચાલી સકતી નથી.

ઉપરોકત સંજોગોમાં વાદીઓને અત્રેની કોર્ટ દ્વારા એક કરતાં વધુ વખત નોટીસ કાઢી હાજર રહેવા જણાવવામાં આવેલ હોવા છતાં તેમજ વાદીઓને મુદૃત તારીખની જાણ હોવા છતાં વાદીઓ કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોઈ, ઉપરોકત સંજોગોમાં વાદીઓને હાલનો દાવો આગળ ચલાવવામાં કોઈ રસ ન હોઈ તે બાબત સ્પષ્ટ જણાઈ આવતી હોઈ અને વાદીઓની ગેરહાજરીને કારણે હાલના દાવાની કાર્યવાહી આગળ ચાલી શકતી ન હોઈ, તે સંજોગોમાં અત્રેની કોર્ટ દ્વારા વાદીઓને હાજર રહેવા અંગે પુરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ છે અને વાદીઓને હજુ વધુ તક આપવી ન્યાયોચીત જણાતી ન હોય હાલના દાવાના સંદર્ભમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### <u>// હુકમ //</u>

વાદીઓનો હાલનો દાવો વાદીઓની ગેરહાજરીના કારણસર કાઢી નાંખવાનો યાને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો અને તે મુજબ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૫મી, માહે : ઓગષ્ટ, સને.૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

વિજયનગર.
તા. ૨૫/૦૮/૨૦૨૩.

**( નિલયકુમાર પિયુષકાંત પટેલ )**
પ્રિન્સીપાલ સીવીલ જજ –વિજયનગર
જજ કોડ–જી.જે.૦૧૨૬૮